©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] SATURDAY, 14th MARCH, 2026/PHALGUNA 23, 1947 [No. 1985

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

નવસારી મહાનગરપાલિકા

મહાનગર સેવા સદન, દુધિયા તળાવ, નવસારી.

અધિસૂચના

ક્રમાંક : જા.નં.નવ/મનપા/ટી.પી./૧૪૬૭૨/૨૦૨૫-૨૬.—આથી જાહેર કરવામાં આવે છે કે, મંજૂર નગર રચના યોજના નવસારી નં. ૦૩ (ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર)માં આવેલ અંતિમખંડ નં.૧૬૫ની "વાણિજ્ય"ના હેતુવાળી જમીનનો હેતુ "સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર" તરીકે સૂચવી હેતુફેર કરવા (ત્રીજો ફેરફાર) કરવાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૭૦(એ)ની જોગવાઈઓને આધીન અધિનિયમની કલમ-૭૨(એ) હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સદરહુ યોજના ની વિગતો નીચે મુજબ છે.

ચર્તુસીમા :

ઉત્તરે : લાગુ ૧૫.૦૦ મી.ટી.પી.રોડ

દક્ષિણે : લાગુ અંતિમખંડ નં.૧૫૭

પૂર્વે : લાગુ ૧૨.૦૦ મી. ટી.પી. રોડ

પશ્ચિમે : લાગુ અંતિમખંડ નં.૧૫૪

આ સમગ્ર બાબતે નવસારી મહાનગરપાલિકાના વહીવટદારશ્રીએ આપેલ મંજૂરીના ઠરાવની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

➢ **નવસારી મહાનગરપાલિકા વહીવટદારશ્રીના ઠરાવ નં.૧૬૪, તા.૨૭-૦૨-૨૦૨૬**

ઉપરોક્ત વિષયે વહીવટદારશ્રીના ઠરાવનં. ૨૮૪, તા. ૦૧-૧૧-૨૦૨૫ દ્વારા મંજૂર નગર રચના યોજના નવસારી નં. ૦૩ (ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર) ના જાહેર હેતુ અન્વયેના અંતિમખંડ નં. ૧૬૫ (વાણિજ્ય ઉપયોગ) જમીનમાં નવસારી મહાનગરપાલિકા દ્વારા માન. મ્યુ. કમિશનરશ્રી, મેયરશ્રી તથા નાયબ મ્યુ. કમિશનરશ્રીના રહેણાંક બાંધકામ માટે રાજ્ય સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા તથા તે અંગેની તમામ આનુસંગિક કાર્યવાહી કરવા કમિશનરશ્રીને સઘળી સત્તા સોંપવા ઠરાવેલ છે.

જે અન્વયે નવસારી મહાનગરપાલિકા દ્વારા પત્ર ક્રમાંક : જા.નં. નવ/મનપા/ટી.પી./૧૦૦૬૨/૨૦૨૫-૨૬, તા. ૦૫-૧૨-૨૦૨૫ દ્વારા મંજૂર નગર રચના યોજના નવસારી નં. ૦૩ (ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર) ના જાહેર હેતુ અન્વયેના અંતિમખંડ નં. ૧૬૫ (વાણિજ્ય ઉપયોગ) વાળી જમીનમાં રહેઠાણના હેતુસર મકાન બનાવવા મંજૂરી આપવા અંગે રાજ્ય સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવામાં આવેલ. જેના પ્રત્યુત્તરમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા નવસારી મહાનગરપાલિકાને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગુજરાત સરકારના પત્ર ક્રમાંક : UDUHD/MSM/e-file/7871/2025/18/PSection, તા.૨૨-૦૧-૨૦૨૬થી મંજૂર નગર રચના યોજના નવસારી નં. ૦૩ (ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર) ના જાહેર હેતુ અન્વયેના અંતિમખંડ નં. ૧૬૫ની "વાણિજ્ય"ના હેતુવાળી ૨૭૭૯ચો.મી. જમીનમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ સદરહુ અંતિમખંડનો સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર તરીકે હેતુફેર કરવા અંગેની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ માન. મ્યુ. કમિશનરશ્રી, મેયરશ્રી તથા નાયબ મ્યુ. કમિશનરશ્રીના રહેણાંક બાંધકામની મંજૂરી અંગે કાર્યવાહી કરવા જણાવેલ છે.

નામદાર સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૨-૦૬-૨૦૨૦ થી ''નવસારી-વિજલપોર નગરપાલિકા''-ની રચના કરવામાં આવેલ છે. જેમાં નવસારી નગરપાલિકામાં વિજલપોર નગરપાલિકા, જમાલપોર, ચોવીસી, વિરાવળ, કાલીયાવાડી, કબીલપોર, તિઘરા, ઈટાળવા તથા છાપરા ગામનો સમાવેશ કરતાં નવસારી વિજલપોર નગરપાલિકાનો વિસ્તાર કુલ ૪૩.૬૨ ચો.કિમી થયેલ. પરંતુ, સદરહુ વધારો થયેલ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળની તમામ સત્તા/કાર્યો નવસારી શહેરી વિકાસ સત્તામંડળ(નુડા) દ્વારા કરવામાં આવેલ છે. નવસારી મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આયોજિત વિકાસ થઈ શકે તેમજ સમાવિષ્ટ નવીનગામોમાં પ્રાથમિક સેવા અને સગવડોનું પણ સુઆયોજન કરી શકાય તે હેતુથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળના કલમ-૨૩(૧) ના ક્લોઝ (II) થી (X) અને કલમ-૨૭ થી ૪૯, કલમ - ૬૭ થી ૬૯ તથા તેને આનુસંગિક કાર્યો/સત્તા નવસારી મહાનગરપાલિકાને આપવી જરૂરી જણાતી હોઈ જેને અનુલક્ષી નવસારી શહેરી વિકાસ સત્તામંડળ(નુડા) દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૩(૨) હેઠળ જરૂરી દરખાસ્ત ના. સરકારશ્રીમાં પાઠવવા અત્રેથી તા. ૧૯-૦૨-૨૦૨૫ ના પત્ર થી વિનંતી કરેલ. જે અન્વયે નવસારી શહેરી વિકાસ સત્તામંડળ (નુડા)ની તા. ૨૫-૦૩-૨૦૨૫ ની બોર્ડ બેઠકમાં સર્વાનુમતે મંજૂર કરી ના. સરકારશ્રીના તા. ૦૧-૦૪-૨૦૨૫ થી દરખાસ્ત કરેલ.

હાલમાં ના. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૯/૦૬/૨૦૨૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૩(૨) હેઠળ કલમ - 1)23)(ii), 1)23)(v), 1)23)(v-a), 1)23)(vi), 1)23)(vi-a), 1)23)(vii)ના તમામ અધિકારો અને સત્તાઓ નવરચિત મહાનગરપાલિકાને સોંપવા માટે હુકમ કરવામાં આવેલ છે. સરકારશ્રીના તા. ૨૦/૦૨/૨૦૨૫ ના પરિપત્ર નં. નરય-૧૦૨૦૧૪-૫૩૦૬-લ ધ્યાને રાખી સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર તરીકે હેતુફેર ની દરખાસ્ત કરવામાં આવે છે.

નવીન નવસારી મહાનગરપાલિકાની રચના થતાં માન. મ્યુ. કમિશનરશ્રી, નાયબ મ્યુ. કમિશનરશ્રીની નિમણૂક થતાં તેમજ આગામી સમયમાં ચુંટણી યોજાયા બાદ મેયરશ્રીની નિયુક્તિ થનાર હોય સદર અધિકારીશ્રી તથા પદાધિકારીશ્રીઓના રહેણાંક સંબંધિત હાલ કોઈ વ્યવસ્થા નથી. જેથી, તેનું સુઆયોજન થઈ શકે તે માટે માન. મ્યુ. કમિશનરશ્રી દ્વારા જા.નં. નવ/મનપા/સિ.ઈ. અને સિ.બ્યુ.વિ./૨૮૮૨/૨૦૨૫-૨૬, તા. ૨૦-૦૬-૨૦૨૫ ના પત્રથી મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડશ્રીને અધિકારીશ્રી તથા પદાધિકારીશ્રીના રહેણાંક મકાનના બાંધકામ માટેની સૈદ્ધાંતિક મંજૂરી માટે દરખાસ્ત કરેલ છે.

ઉક્ત બાબતે નવસારી મહાનગરપાલિકા વિસ્તારની મંજૂર નગર રચના યોજના નવસારી નં. ૦૩ (ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર) ના જાહેર હેતુ અન્વયેના અંતિમખંડ નં. ૧૬૫ (વાણિજ્ય ઉપયોગ)ની ૨૭૭૯ ચો.મી. વાળી જમીનમાં માન. મ્યુ. કમિશનરશ્રી, મેયરશ્રી તથા નાયબ મ્યુ. કમિશનરશ્રીના રહેણાંક માટે સુઆયોજન કરવા માન. કમિશનરશ્રીની મંજૂરી મળેલ. જે અન્વયે નાયબ મ્યુ. કમિશનરશ્રી(પ્રોજેક્ટ)ના પત્ર નં. મ.ન.પા. જા.નં.- ૪૦૫૯/૨૦૨૫-૨૦૨૬, તા. ૨૮-૦૭-૨૦૨૫ ના પત્રથી મંજૂર નગર રચના યોજના નવસારી નં. ૦૩ (ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર) ના જાહેર હેતુ અન્વયેના અંતિમખંડ નં. ૧૬૫ (વાણિજ્ય ઉપયોગ)ની ૨૭૭૯ ચો. મી. જમીન હેતુ-ફેર ની કાર્યવાહી કરવા અત્રેને દરખાસ્ત કરેલ છે.

ઉપરોકત તમામ મુદ્દાઓ ધ્યાને લેતા ઉકત કલમ-૨૩ (૨) અન્વયે ટી. પી. સ્કીમો બનાવવા/ફેરફાર કરવાની સત્તા નવસારી મહાનગરપાલિકાને મળેલ છે. આથી, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૭૦-(એ) હેઠળ મંજૂર નગર રચના યોજના નવસારી નં. ૦૩(ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર)ના જાહેર હેતુ અન્વયેના અંતિમખંડ નં. ૧૬૫ની વાણિજ્યના હેતુ વાળી જમીનમાં સરકારશ્રીના તા. ૨૦-૦૨-૨૦૧૫ ના પરિપત્ર નં. નરય-૧૦૨૦૧૪-૫૩૦૬-લ ધ્યાને રાખી સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર તરીકે હેતુફેર ની દરખાસ્ત કરવાની થાય છે. તેથી નવસારી મહાનગરપાલિકા દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૭૦-(એ) હેઠળ રાજ્ય સરકારશ્રીમાં મંજૂર નગર રચના યોજના નવસારી નં. ૦૩(ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર)(ત્રીજો ફેરફાર)ની દરખાસ્ત પાઠવવા માટેની સત્તા સોંપવા અંગે જરૂરી ઠરાવ થયા બાદ, અધિનિયમની કલમ-૭૨ અનુસારની પદ્ધતિ અનુસરતા ડ્રાફ્ટ સુધારો સરકારી ગેઝેટ અને સમાચારપત્રોમાં પ્રસિદ્ધ કરવાની કામગીરી નવસારી મહાનગરપાલિકા દ્વારા કરવાની થાય છે.

ઉપરોકત તમામ મુદ્દાઓ ધ્યાને લેતા ઉકત કલમ-૨૩ (૨) અન્વયે ટી. પી. સ્કીમો બનાવવા/ફેરફાર કરવાની સત્તા નવસારી મહાનગરપાલિકાને મળેલ છે. આથી, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૭૦(એ) હેઠળ મંજૂર નગર રચના યોજના નવસારી નં. ૦૩(ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર) (ત્રીજો ફેરફાર)ની દરખાસ્ત પાઠવવા માટેની સત્તા સોંપવા અર્થે જરૂરી ઠરાવ કરી ત્યારબાદ, અધિનિયમની કલમ-૭૨ અનુસારની પદ્ધતિ અનુસરતા ડ્રાફ્ટ સુધારો સરકારી ગેઝેટ અને સમાચારપત્રોમાં પ્રસિદ્ધ કરવા તથા લાગુ રહીશો/વ્યક્તિના સૂચનો/વાંધાઓ માટે ૧-માસનો સમય આપી તમામ સાહિત્યને સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર કરવાની કાર્યવાહી કરવાની થાય છે.

આથી, ઉપરોક્ત તમામ વિગતોને ધ્યાને લઈ નવસારી મહાનગરપાલિકા દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૭૦(એ) હેઠળ રાજ્ય સરકારશ્રીમાં મંજૂર નગર રચના યોજના નવસારી નં. ૦૩(ગણદેવી રોડ પૂર્વ તિઘરાવિસ્તાર)ના અંતિમખંડ નં. ૧૬૫ (વાણિજ્ય) હેતુ વાળી જમીનને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે કરવા માટે મંજૂર નગર રચના યોજના નવસારી નં. ૦૩(ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર) (ત્રીજા ફેરફાર)ની દરખાસ્ત પાઠવવા માટેની સત્તા સોંપવા તેમજ અધિનિયમની જોગવાઈઓ અન્વયે નિયમઆનુસાર આગળની તમામ આનુસંગીક કાર્યવાહી કરવા કમિશ્નરશ્રીને સઘળી સત્તા સોંપવા તેમજ બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

સદરહુ ત્રીજા વખતના ફેરફાર દર્શાવતા નકશાની નકલ નીચે દર્શાવેલ સરનામે કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી મુકવામાં આવી છે. સદર વેરીડ ટી.પી. સ્કીમનો મુસદ્દો રાજ્ય સરકારના રાજ્યપત્ર(ગેજેટ)માં પ્રસિદ્ધ થયા તારીખથી એક(૧) માસની અંદર યોજનાથી જેમને કોઈપણ અસર થઈ હોઈ તો તેવા શખ્સો સદર યોજના સંબંધમાં કોઈપણ લેખિત વાંધો સમય મર્યાદામાં નીચે જણાવેલ કચેરીએ મોકલી આપશે તો નવસારી મહાનગરપાલિકા તે ઉપર વિચારણા કરશે. તેની નોંધ લેવા વિનંતી છે.

સ્થળ: નવસારી
તારીખ : ૧૨-૦૩-૨૦૨૬

દેવ ચૌધરી
કમિશનર
નવસારી મહાનગરપાલિકા
નવસારી

કચેરીનું સરનામું :
નવસારી મહાનગરપાલિકા, મહાનગર સેવા સદન,
દુધિયા તળાવ, નવસારી-૩૯૬૪૪૫.
ફોન નં. ૨૪૦૨૫૪/૨૫૦૨૫૩-૦૨૬૩૭
ઈ-મેલ.mc_nmc@gujarat.gov.in

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.03.16 17:48:59 IST